# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-04-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી:

કચ્છ જિલ્લામાં લાંબા સમયથી જેની પ્રતીક્ષા કરવામાં આવતી હતી તે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું રણશિંગું ફૂંકાઈ ગયું છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, કચ્છની નવનિર્મિત ગાંધીધામ મહાનગરપાલિકા, ૫ નગરપાલિકા, જિલ્લા પંચાયતની ૩૮ અને ૯ તાલુકા પંચાયતની કુલ ૪૪૮ બેઠકો માટે આગામી ૨૬મી એપ્રિલે મતદાન પ્રક્રિયા હાથ ધરાશે, જ્યારે ૨૮મી એપ્રિલે મતગણતરી સાથે પરિણામો જાહેર કરવામાં આવશે. ૬ઠ્ઠી એપ્રિલથી સત્તાવાર રીતે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે.

વિશેષ મહત્વની વાત એ છે કે ગાંધીધામને મહાનગરપાલિકા અને નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ અહીં પ્રથમ વખત ચૂંટણી યોજાઈ રહી છે. જિલ્લાના કુલ ૧૪ લાખ ૫૦ હજાર ૯૩૧ મતદારો આ લોકશાહીના પર્વમાં સહભાગી થશે, જેમાં ૭.૪૮ લાખ પુરુષ અને ૭.૦૨ લાખ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. વહીવટી તંત્ર દ્વારા ૧૯૮૬ મતદાન મથકો પર ૮,૩૫૫ જેટલા પોલિંગ સ્ટાફ અને ૧,૧૭૮ પોલીસ જવાનોની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ચૂંટણીની કામગીરી પર દેખરેખ રાખવા માટે ૧૦ નોડલ અધિકારીઓ સહિત આર.ઓ. અને એ.આર.ઓ.ની નિમણૂક સાથે તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે.

---------------------------------------------------------------------------------------------

## ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા:

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ભુજમાં આવેલા ભાજપના કમલમ કાર્યાલય ખાતે ગુરુવારે પ્રથમ દિવસે મોટી સંખ્યામાં દાવેદારો પોતાની દાવેદારી નોંધાવવા પહોંચ્યા હતા.

આ પ્રક્રિયા નિરીક્ષકો વસુબેન ત્રિવેદી અને હિરેન હીરપરાની હાજરીમાં હાથ ધરવામાં આવી હતી. દાવેદારોએ આગામી ચૂંટણીઓમાં ટિકિટ મેળવવા માટે પોતાની રજૂઆતો કરી હતી.

કચ્છમાં એક મહાનગરપાલિકા, પાંચ નગરપાલિકા, એક જિલ્લા પંચાયત અને નવ તાલુકા પંચાયતની ચૂંટણીઓ યોજાવાની છે. આ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ભુજમાં કમલમ કાર્યાલય અને અંજારમાં મિસ્ત્રી સમાજવાડી ખાતે સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે. આવતીકાલે ગાંધીધામ ખાતે મહાનગરપાલિકાની બેઠકો માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

-----------------------------------------------------------------------------------------------

## વરસાદ:

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે કચ્છ જિલ્લાના વાતાવરણમાં જોરદાર પલટો જોવા મળ્યો છે. ખાસ કરીને ભુજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી જ આકાશ વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું અને ત્યારબાદ અચાનક વરસાદી ઝાપટાં શરૂ થયા હતા.

આ અણધાર્યા માવઠાને કારણે ખેડૂત વર્ગ ચિંતામાં મુકાયો છે. ખેતરોમાં તૈયાર ઊભેલા પાકને નુકસાન થવાની ભીતિથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. આજે ગઢશીશા વિસ્તારરમાં બોપરના સમય દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પડતા રસ્તાઓ ભીના બન્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પણ છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવીથી મધ્યમ વરસાદ પડી શકે છે. ગરમીના બદલે વરસાદી માહોલ સર્જાતા મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે

-----------------------------------------------------------------------------------------------

# નિર્જન ટાપુઓ પર પ્રવેશબંધી:

ભારતની આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા પર આવેલા કચ્છના 21 નિર્જન ટાપુઓ પર જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલે રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં તાત્કાલિક અસરથી પ્રવેશબંધી ફરમાવી છે.

જાહેરનામા મુજબ શેખરણ પીર, ઓગતરા, લુણાબેટ, ખદરાઈ પીર, સૈયદ સુલેમાન પીર, ચભડીયો, લુણ, ગોધરાઇ, મોટાપીર, હેમતલ, હાજી ઈબ્રાહીમ, ખાનાણા, ગોપી, સતોરી, ભકલ, સાવલા પીર, સુગર બેટ, પીર સનાઈ, બોયા, સેથવારા અને સત સૈડા ટાપુઓ પર પ્રતિબંધ રહેશે. સરકારી એજન્સીઓને મુક્તિ અપાઈ છે, જ્યારે સામાન્ય નાગરિકોએ પ્રવેશ માટે સક્ષમ અધિકારીની મંજૂરી લેવી પડશે. ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ જાહેરનામું 29 મે 2026 સુધી અમલમાં રહેશે.

---

# હનુમાન જયંતી:

રામદૂત હનુમાનજીના પ્રાગટ્ય ઉત્સવ 'હનુમાન જયંતી'ની આજે સમગ્ર કચ્છમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ભુજ શહેર સહિત જિલ્લાભરના હનુમાન મંદિરોમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. આ નિમિત્તે વિવિધ મંદિરોમાં હવન, હનુમાન ચાલીસા અને સુંદરકાંડના સમૂહ પાઠ તેમજ મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ભુજ તાલુકાના કુકમા નજીક આવેલા પ્રસિદ્ધ લેર હનુમાન મંદિરે હનુમાન જયંતી મહોત્સવ અંતર્ગત વિશેષ પૂજા-અર્ચના અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે અને ઠેર-ઠેર મહાપ્રસાદના આયોજનથી શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પવનપુત્રના જન્મોત્સવને વધાવવા માટે મંદિરોને રોશની અને ફૂલોથી શણગારવામાં આવ્યા છે.

---

# આરોગ્ય વિભાગમાં બદલીઓ:

કચ્છ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે 32 કોમ્યુનિટી હેલ્થ ઓફિસર્સની આંતરિક બદલી કરવામાં આવી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જારી કરેલા આદેશ મુજબ, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને સબ-સેન્ટરો પર કાર્યરત આ કર્મચારીઓની બદલી તેઓની અંગત વિનંતીને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.

---